ગાંધીનગર સમાચાર
તા. ૫-૬-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### મહિલા મુખ્યમંત્રીના શાસનમાં અભિનવ સુવર્ણયુગનો શુભારંભ

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનાં અનુગામી મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબહેન પટેલે પહેલાં જ દિવસથી 'કામ કરતી સરકાર'નાં વડાં હોવાનો અહેસાસ કરાવી દીધો છે. સુરક્ષાના મુદ્દે મોદી શાસન દરમિયાન સચિવાલય એક અભેદ્ય કિલ્લામાં ફેરવાઇ ગયું હતું, તે હવે જનસાધારણની અવરજવરની ધમધમી રહ્યું છે. આનંદીબહેન ખેડૂત પરિવારમાં ઊછરીને શિક્ષણનાં વ્યવસાયમાં વિકસેલાં મહિલા નેતા હોવાથી એ પ્રજાની રગ સુપેરે પારખે છે. ગુજરાત ખેતીપ્રધાન રાજ્ય છે અને ચિમનભાઇ પટેલ બાબુભાઇ જશભાઇ, માધવસિંહ સોલંકી અને કેશુભાઇ પટેલ જેવા ખેડૂત મુખ્યમંત્રીઓ પછી એક મહિલા ખેડૂત મુખ્યમંત્રી સાંપડ્યાં છે, જેમની રગેરગમાં ગુજરાતની માટીની મહેક છે. પુરોગામી નરેન્દ્રભાઇ મોદી અને કેશુભાઇ પટેલના નેતૃત્વમાં વહીવટના પાઠ શીખેલાં આનંદીબહેન ઊંડી કોઠાસૂઝ ધરાવતાં કર્મઠ લોકસેવિકા છે. નેતૃત્વ સંભાળતાંની સાથે એમની 'સરકાર' અગાઉની સરકારની જ ઝડપે દોડતી થઇ ગઇ એનાં મૂળમાં આનંદીબહેનની ભીંતર બેઠેલી પેલી ખેડૂતબાળા છે, જે એની કિશોરાવસ્થા દરમિયાન, વિદ્યાર્થીવયે પણ ખેડૂત પિતાને ખેતીકામમાં મદદરૂપ થવાની ફરજ બજાવીને આ ઊંચાઇએ પહોંચી છે. કૃષિમહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા લોકાભિમુખ કાર્યક્રમો આનંદીબહેનના લોહીનો લય બની ગયા છે. ખેડૂતોને ખેતીકામમાં ગૌરવનો અનુભવ થાય, પોતે ખરેખર 'જગતના તાત' હોવાનો અહેસાસ વરતાય અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના મુખ્યમંત્રી તરીકેના શાસનકાળમાં દેશમાં સૌથી ઊંચો વિકાસદર હાંસલ કરનારું ગુજરાત રાજ્ય એની એ સિદ્ધિ ટકાવી રાખે - એ લક્ષ્ય નજર સમક્ષ રાખી આનંદીબહેન ગુજરાતનો ગ્રામપ્રદેશ ઘમરોળી રહ્યાં છે. એમના આદેશથી નોકરશાહી પણ દોડતી થઇ ગઇ છે. કૃષિમહોત્સવની ગરિમા સચવાય એનું મુખ્યમંત્રીશ્રી બરાબર ધ્યાન રાખી રહ્યાં છે. એમને પોતાના સન્માન સમારંભો કરતાં લોકલક્ષી કલ્યાણકારી યોજનાઓમાં અને એમનાં પદ્ધતિસરના અમલીકરણમાં વિશેષ રસરૂચિ છે. તેથી કૃષિ મહોત્સવની ઉજવણીના મંચ પરથી તેઓએ મહિલાઓને 'ઘર શૌચાલય'ની ઝુંબેશ ઉપાડવા હાકલ કરી છે. કયારેક સ્વામી સચ્ચિદાનંદે તો કયારેક વડાપ્રધાન નરેન્દ્રભાઇએ દેવાલય કરતાં શૌચાલયને અગ્રતાક્રમે મૂકવાની વાત કરેલી, તે કેટલી સૂચક હતી! વર્તમાન મુખ્યમંત્રીશ્રી પોતે મહિલા છે અને ગ્રામવિસ્તારોમાં ખુલ્લામાં સંડાસ જતી મહિલાઓની પીડા સુપેરે સમજી શકે છે. ભૂમાફિયાઓનાં સકંજામાંથી સાચા ખેડૂતને છોડાવી એને પોતાની માતા સમાન જમીન પર કાયદેસરના હક મળે એ માટે વર્તમાન સરકારે જમીનને લગતા દસ્તાવેજોનું કમ્પ્યુટરાઇઝેશન કરવાની દિશામાં મક્કમ પગલાં ભર્યાં છે. હવે જયારે ગુજરાતના જ પનોતા સપૂત દેશની ધુરા સંભાળી રહ્યા છે ત્યારે નર્મદાનાં નીર પર વહેલી તકે ગુજરાતની તરસી ધરતીને ઉપલબ્ધ થશે, એમાં શંકાને સ્થાન નથી. કેન્દ્ર અને રાજયની સરકાર તાલમેલથી ચાલે તો ધાર્યા પરિણામ મળી શકે. ગુજરાત માટે ખરેખર પ્રગતિનાં શિખરો સર કરવાનો સુવર્ણકાળ શરૂ થયો છે. શું એ કેવળ યોગાનુયોગ હશે કે દીર્ઘકાળ માટે પાટણ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલાં આનંદીબહેનના શાસન દરમિયાન જ 'પાટણની પ્રભુતા'માં જોવા મળતો સિદ્ધરાજ જયસિંહના શાસનકાલ જેવી સુખ-સમૃદ્ધિનો યુગ શરૂ થઇ રહ્યો છે!

# ૮૫૦૦ સરકારી પ્રાથમિક સ્કુલોને તાળા વાગી જશે

### બંધ શાળાના વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ખસેડાશે : જે પ્રાથમિક શાળાઓમાં ૧૦૦થી પણ ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેવી તમામ શાળાઓને બંધ કરાશે

અમદાવાદ, તા.૦૪

ગુજરાત રાજ્યમાં આવેલી ૩૪૦૦૦ પ્રાથમિક શાળાઓ પૈકીની ૮૫૦૦ જેટલી સરકારી શાળાઓને તાળા મારવાની તૈયારીઓ પાછલા બારણેથી શરૂ કરી દેવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જે પ્રાથમિક શાળાઓમાં ૧૦૦થી પણ ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હોય તેવી શાળાઓને બંધ કરીને નજીકની અન્ય સરકારી શાળામાં ભેળવી દેવાની કવાયત હાથ ધરાય હતી. જેમાં દર વર્ષ પ્રતિવર્ષ મોટી સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ વર્ષે અત્યંત આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ રાજ્યની પ્રાથમિક સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ભેળવી દેવાની તૈયારી થઈ રહી છે તેનો આંક અન્ય વર્ષની તુલનાએ ઘણો મોટો થઈ રહ્યો છે.

રાજ્યની પ્રાથમિક સરકારી શાળાઓમાં અભ્યાસ કરી રહેલા બાળકોની સંખ્યા માટેનો એક સર્વે હાથ ધરવાની કામગીરી ચાલી રહી છે. તે અનુસાર જે શાળામાં ૧૦૦થી પણ ઓછા બાળકો અભ્યાસ કરતા હશે તે શાળાના વિદ્યાર્થીઓને નજીકની અન્ય શાળામાં ભેળવી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાજ્યની ૩૪૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓ પૈકી ૮૫૦૦૦ જેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ અથવા તેનાથી ઓછી છે, જેના કારણે સરકાર દ્વારા આવી શાળાઓને બંધ કરવાની ગંભીરતાપૂર્વક વિચારણા હેઠળ લેવામાં આવી છે. આ બાબતે તમામ જિલ્લામાં સર્વેની કામગીરી શરૂ કરાઈ હતી અને તમામ જિલ્લામાં ૧૦૦થી ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હોય તેવી શાળાઓની યાદી રાજ્ય સરકારે મેળવી લીધી છે. સરકાર દ્વારા આવી શાળાઓને બંધ કરીને આ શાળાના વિદ્યાર્થીઓને નજીકની શાળામાં સમાવવાનું આયોજન કરાયું છે. નોંધપાત્ર છે કે ૧૦૦ કે તેથી ઓછા બાળકો જે શાળામાં અભ્યાસ કરતા હોય તેવી શાળાઓ ચલાવવા માટે સરકારનો આર્થિક બોજો વધતો હોવાથી આવી શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવા માટેની વિચારણા હાથ ધરાઈ છે.

## ૭ જૂને શિક્ષણમંત્રી સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાશે

સરકારે રાજ્યમાં કાર્યરત ૧૦૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ અંગે એક રીપોર્ટ તૈયાર કર્યો છે. આ રીપોર્ટ પર ચર્ચા કરવા માટે ૭ જૂનના રોજ શિક્ષણ અધિકારીઓની એક બેઠક શિક્ષણમંત્રી સાથે મળશે જેમાં શિક્ષણમંત્રી સમક્ષ જે શાળામાં ૧૦૦થી ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તે શાળાના વિદ્યાર્થીને અન્ય શાળામાં સમાવિષ્ટ કરી આવી શાળાઓ બંધ કરવા અંગે નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા નિર્ણય કરવામાં આવશે. સાથે જ જે શાળામાં ૧૦૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ હશે પરંતુ અન્ય શાળા તેનાથી પાંચ કિલોમીટર દુર હશે તેવી શાળાઓને બંધ નહીં કરી શકાય તેવો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)




ઈન્ટરનેશનલ એસ્ટ્રો ફાઉન્ડેશન દ્વારા સ્વ. નરોત્તમ ઝવેરી હોલ, પાલડી, અમદાવાદ ખાતે એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં દેશ વિદેશના એસ્ટ્રોલોજર આમંત્રણને માન આપી પધાર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરની દીકરીઓ અંજલી તન્ના, ભવ્યા ભટ્ટ, વિધી વાણિયા, રાધીકા રાવ, ઝીલ ભટ્ટ, દીયા પારેખે કથ્થક નૃત્યની કૃતિઓ રજુ કરી ભારોભાર પ્રશંસા મેળવી નગરનું નામ રોશન કર્યું હતું. ગુજરાત ગૌરવ સેનાના સ્થાપક પ્રમુખ યશરાજસિંહ ગોહીલને તેમના સામાજીક કાર્ય માટે આ સંસ્થા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. અન્ય મહાનુભાવો ઉપરાંત એ.બી.પી. ન્યુઝના હેડ અમીત રાવલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## નિસર્ગ સાયન્સ ખાતે સન્ડે સ્કૂલનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

નગરના બાળકો વિજ્ઞાનલક્ષી બને તે માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ પ્રયોગો કરાવી જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે પ્રમાણેનું શિક્ષણ આપવામાં આવે છે. સેન્ટર ખાતે તા. ૧૫ જૂનથી સન્ડે સ્કૂલનો પ્રારંભ કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય દ્વારા દરેક જિલ્લામાં વિજ્ઞાન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે શહેરના સેક્ટર-૨૩માં આવેલ નિસર્ગ સેન્ટર દ્વારા સન્ડે સ્કૂલનો પ્રારંભ તા. ૧૫ જૂનથી કરવામાં આવશે. વેકેશન બાદ શરૂ થનાર સન્ડે સ્કૂલમાં કોઈપણ શાળાના અને કોઈપણ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાઈ શકશે. સેન્ટર ખાતે દર રવિવારે વિજ્ઞાનલક્ષી પ્રયોગો કરાવવામાં આવતા હોય છે. સન્ડે સ્કૂલમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ સેક્ટર-૨૩ ખાતે સંપર્ક સાધવો.

## સે. ૨૧ ગોવર્ધન હવેલી ખાતે વિવિધ સ્પર્ધા યોજાશે

આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિબંધ, વકતૃત્વ, શ્રી વલ્લભ સ્રોત પઠન અને શ્રી વલ્લભ પુષ્ટી ભક્તિ કિર્તન જેવી સ્પર્ધાઓ યોજાશે. વૈષ્ણવ પરિષદના સભ્યો આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે તા. ૨૦ જૂન સુધી શ્રી ગોવર્ધનનાથજી હવેલી સેક્ટર-૨૧થી ફોર્મ મેળવી પરત કરવાના રહેશે. તેમ રાહુલ કડકીયાએ જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




શરીર ઠંડુ પડી જાય એવું કોઇ ઇન્જેકશન છે ?... હજુ બે ડીગ્રી ટેમ્પરેચર વધવાની આગાહી છે...!!

## જી.આઈ.પી.એસ.નું અંગ્રેજી માધ્યમનું ૧૦૦ ટકા અને ગુજરાતી માધ્યમનું ૯૭.૦૫ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૪

તાજેતરમાં લેવાયેલી એસ.એસ.સી. પરીક્ષામાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલનું અંગ્રેજી માધ્યમનું ૯૭.૫ ટકા પરિણામ આવ્યું છે જે શહેર માટે ગૌરવની બાબત છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ગાંધીનગરની અનેક શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવવા પામ્યું છે. ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં અંગ્રેજી માધ્યમનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. હિતેશ પાટીદાર ૮૬.૯૫ પર્સન્ટાઈલ, રાજ પટેલ ૮૧.૦૭ પર્સન્ટાઈલ, કશ્યપ પટેલ ૭૯.૨૩ પર્સન્ટાઈલ, પાર્થ પટેલ ૭૭.૬૩ પર્સન્ટાઈલ અને હેનિલ શાહ ૭૫.૬૫ પર્સન્ટાઈલ સાથે શાળામાં અગ્રેસર રહ્યા છે. તેમજ ગુજરાતી માધ્યમનું પણ ૯૭.૦૫ ટકા પરિણામ આવ્યું છે. હર્ષ પટેલ ૯૭.૮૩, સુહાની પટેલ ૯૬.૭૨, ભવાનસિંહ જાડેજા ૯૬.૨૦, હર્ષરાજસિંહ સિસોદિયા ૯૫.૧૬ અને અમન પટેલ ૯૩.૬૬ પર્સન્ટાઈલ મેળવી ઉત્તીર્ણ થયા છે. તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## વડનગરા નાગર મંડળ દ્વારા ક્રિકેટ મેચનું આયોજન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં વસતા વડનગરા નાગર જ્ઞાતિજનો માટે શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા ફ્રેન્ડલી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્રિકેટ મેચ તા. ૧૫ જૂન રવિવાર સવારે ૭.૦૦ વાગે યોજવામાં આવશે.

આ ક્રિકેટ મેચમાં ભાગ લેવા ઈચ્છુક વડનગરા નાગર જ્ઞાતિજનોએ સેક્ટર-૧ થી ૧૫ માટે દિવ્યમ રાણા - ૯૯૦૯૭૭૮૧૦૮ અને સેક્ટર-૧૬ થી ૩૦ ઈન્ફોસિટી માટે નિસર્ગ બૂચ ૯૯૧૩૫ ૯૫૪૬૫ પર તા. ૧૨ જૂન સુધી સંપર્ક કરી નામ નોંધાવવાના રહેશે. તેમ તરંગ હાથીએ જણાવ્યું છે.

## ઉગતા કલાકારો માટે નાટય તાલીમ શિબિર

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા નાટયક્ષેત્રે રસ ધરાવતા ઉગતા યુવા કલાકારો માટે તા. ૩૦-૬-૧૪થી તા. ૪-૭-૧૪ દરમિયાન જયશંકર સુંદરી નાટયગૃહ, અમદાવાદ ખાતેના મીની હોલમાં નાટય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા કલાકારોએ પોતાનો બાયોડેટા-નામ, સરનામું, ફોન નંબર, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, નાટયક્ષેત્રે કરેલ કામગીરીની વિગત-સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૯/૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે મોકલી આપવા વિનંતી અથવા ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૬૯૩, ૨૩૨૫૪૫૫૨ ઉપર સંપર્ક કરવા વિનંતી.

## સે. ૫ પ્રેરણા વિદ્યાલયનું શ્રેષ્ઠ પરિણામ

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સેક્ટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલય સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં લેવાયેલી બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું છે. ધોરણ-૧૦નું ૭૭ ટકા અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૬૪ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ-૧૦ માં દર્શના ટેલર ૯૯.૪૩, હેમાંગ ઠાકર-૯૭.૦૦, અને અભિષેક દેશપાંડે ૮૮.૫૪ પર્સન્ટાઈલ મેળવી શાળામાં અગ્રેસર રહ્યા છે. તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં કરણ ડાભી ૯૩.૫૯, મયુરસિંહ વાઘેલા ૮૪.૫૪ અને નિલેષ ભાભોર ૭૧.૯૮ પર્સન્ટાઈલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા છે.

## સે-૩-ડી ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૪

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૬ જૂન, શુક્રવાર બપોરે ૨.૩૦ થી ૫.૩૦ વાગ્યા સુધી સેક્ટર-૩-ડીના રામજી મંદિરમાં યોજવામાં આવશે. નગરના ભાવિ ભકતોને ગરબાનો લાભ લેવા ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

**રક્તદાન - મહાદાન**


# ક્લાયમેટ ચેન્જના પડકારો સામે પગલાં લેવા અવાજ ઉઠાવીએ, ડૂબતા ટાપુઓને બચાવવા, દરિયાની સપાટી વધવા ન દઈએ...

**પ્રસંગસર**

નરેશ ઠાકર

**વિશ્વ પર્યાવરણ દિન શું છે?**

વર્ષ ૧૯૭૨માં, માનવ પર્યાવરણ વિષય પર યુએનની મળેલ પ્રસિદ્ધ શિખર પરિષદમાં યુએનઈપી- યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ નામની યુએનની અલગ સંસ્થા સ્થાપવામાં આવી. યુએન દ્વારા ઠરાવ્યા મુજબ દરવર્ષે પાંચમી જૂનનો દિવસ ૧૦૦થી વધુ દેશોમાં વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે.




વિશ્વ નાના ટાપુઓના દેશોનું પણ છે. આવા દેશો ૬૩૦ લાખથી વધુ લોકો માટે સામૂહિક વસવાટ અને અમૂલ્ય રહેઠાણનું સ્થાનક બન્યા છે. ભરપુર કુદરતી સૌદર્ય, વૈવિધ્ય સભર સંસ્કૃતિ અને મધુર સંગીત માટે આ પૈકીના ટાપુઓ વિશ્વ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. આવા ટાપુઓના દેશોનું કદ નાનું હોવાથી તેની જમીન અને દરિયાની કુદરતી સંપત્તિનું મહત્વ યોગ્યરીતે દર્શાવી શક્યા નથી. વાસ્તવમાં, આવા દેશો મહાસાગરોનું સંરઘાણ કરવાની કુદરતી પ્રક્રિયામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. આવા ટાપુઓ બાયોડાયવર્સિટી- જૈવિક વિવિધતાના ખજાના છે. કેટલાક ટાપુઓમાં પૃથ્વી પરની ઘણી વનસ્પતિઓ અને પ્રાણીઓની અમૂલ્ય પ્રજાતિઓ સચવાઈ રહી છે. ખાસ કરીને ક્લાયમેટ ચેન્જના કારણે આવા ટાપુઓ સામે વધતા જતા જોખમો અને તેના અસ્તિત્વ પરના આક્રમણોથી સુરક્ષિત રાખવા માટે તેમને મદદ કરવાની તાતી જરૂરિયાત છે.


આથી, યુએન દ્વારા વર્ષ ૨૦૧૪ને ઈન્ટરનેશનલ ઈઅર ઓફ સ્મોલ આયલેન્ડ ડેવલપિંગ સ્ટેટ્સ (એસઆઈડીએસ)ના આંતરરાષ્ટ્રિય વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જયારે, યુએનઈપી- યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ દ્વારા વર્ષ ૨૦૧૪ના વિશ્વ પર્યાવરણ દિન - ૨૦૧૪નું થીમ રેઈઝ યોર વોઈસ એન્ડ નોટ ધ સિ લેવલ જાહેર કરવામાં આવ્યું છે. આ થીમને વિસ્તૃત અર્થમાં સમજવા માટે કહી શકાય કે, - ક્લાયમેટ ચેન્જના પડકારો સામે પગલાં લેવા અવાજ ઉઠાવીએ, ડૂબતા ટાપુઓને બચાવવા, દરિયાની સપાટી વધવા ન દઈએ...

આમ, વિશ્વ પર્યાવરણ દિન, ૨૦૧૪ની આ ઉજવણીથી નાના ટાપુઓ સાથે ગાઢ સહયોગ વધારવા માટે એક ઉત્તમ તક પ્રાજ્ઞ થશે.

**નાના ટાપુઓ :**

મોટાભાગના ટાપુઓ મહદ્ અંશે પ્રવાસ-ઉદ્યોગ પર નિર્ભર છે. ક્લાયમેટ ચેન્જના કારણે વરસાદના પૂર તેમજ દરિયાની વધતી સપાટી જેવા પરિબળો ઘણા ટાપુઓના અસ્થિત્વ પરના આક્રમણોમાં ઉમેરો કરે છે. નાના ટાપુઓના ઘણા વિકસતા રાજયો ર્જા આયાત કરવા સહિતના અસંખ્ય પડકારોનો સામનો કરી રજ્ઞા છે. ક્લાયમેટ ચેન્જના માનવ સર્જિત કારણોમાં આ ટાપુઓ નહિવત્ ભાગીદાર રજ્ઞા છે. આવા તમામ ટાપુઓમાંથી નિકળતા ગ્રીનહાઉસ ગેસનો જથ્થો, વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસના કુલ ઉત્સર્જનના એક ટકાથી ઓછી માત્રામાં જણાયો છે. આવા નાના ટાપુઓના રહિશો પણ હવે સમજવા લાગ્યા છે કે, આપણી કરણી એવી કરવી પડશે જેથી પૃથ્વી નિરંતરના માર્ગે રહી શકે અને ક્લાયમેટ ચેન્જના પ્રકોપથી આપણે બચી શકીએ. આમ કરવા માટે વિશ્વના સઘળા દેશોના તમામ વર્ગ કે સમાજના લોકોએ ક્લાયમેટ ચેન્જના પડકારો સામે પગલાં લેવા માટે જોડાવું જ પડશે.

વિશ્વનું સૌથી વિશાળ શાર્ક અને વ્હેલનું અભયારણ્ય કુક આયલેન્ડની સમુદ્રીસીમામાં આવ્યું છે, તેનો વિસ્તાર ભારત દેશ જેટલો છે ! આ ટાપુની સંસ્કૃતિ અને વારસામાં વિશેષ લઘાણ જોવા મળે છે. આ સ્થળ સમૃદ્ધ ઈકોસિસ્ટમ, બાયોડાયવર્સિટી અને મનોહર પ્રાકૃતિક દ્રશ્યોથી ભરપૂર છે.



ટાપુઓ જેવા કે, ત્રિનિદાદ અને ટોબેગોથી ટોંગા, સમોવાથી સરિનામ, વગેરે ખાતે કચરાના વ્યવસ્થાપનનો અભાવ, અવિરત વેડફાતી ચીજ-વસ્તુઓનો વપરાશ, ઘટી રહેલી કુદરતી સંપત્તિઓ જેવી ક્લાયમેટ ચેન્જની સમસ્યાઓ જોવા મળે છે. આવા ટાપુઓ કુદરતી વિકટ આફતોનો સામનો કરી રજ્ઞા છે. આવા ટાપુઓમાં ગીચ વસ્તી તેમજ સતત વધતા ઉદ્યોગોથી થતી સમસ્યાઓ પ્રવર્તે છે.

તાજેતરમાં, એક તરફ ટોકેલોઉ ટાપુ ખાતે ૧૦૦ ટકા સોલર ર્જા ઉત્પન્ન કરવમાં આવી રહી છે. જયારે બીજી તરફ ફિજી ટાપુ ખાતે સ્થાનિક લોકો પૂર અને જમીન ધોવણ અટકાવવા માટે ચેર(મેન્ગ્રુઝ) અને પરવાળા(કોરલ) રિફ્સને પુનઃ નવપલ્લવિત કરી રજ્ઞા છે.

આઈપીસીસીના ટૂંકા નામથી ઓળખાતી આંતરરાષ્ટ્રિય પેનલ ઓફ ક્લાયમેટ ચેન્જ નામની સંસ્થાના અવલોકન મુજબ વર્તમાન સદીમાં દરિયાની સપાટી ઉંચી આવી રહી છે. જયારે, વૈશ્વિક તાપમાન વધે છે, ત્યારે, દરિયાના પાણી ફુલે છે, અને વધારે જગ્યા રોકે છે. વળી, ધ્રુવ પ્રદેશોમાં જયારે બરફ ઓગળે છે, ત્યારે પણ દરિયાના પાણીની સપાટી ઉંચી આવે છે. દરેક દેશના દરિયાકાંઠે વસવાટ કરતા જનસમુદાયો પણ વરસાદી પૂર અને વાવાઝોડાના તોફાનોની ભીતિ હેઠળ જીવે છે. દરિયાની વધતી પાણીની સપાટી હેઠળ આવા ઘણા ટાપુઓના રહેણાંક વિસ્તારો અને સાંસ્કૃતિક સ્થળો જળસમાધી લેશે, તેવો સંભવિત ખતરો છે.

ક્લાયમેટ ચેન્જ એક અહેવાલ મુજબ છેલ્લા સો વર્ષ દરમિયાન દરિયાની સપાટીમાં વૈશ્વિક સ્તરે આશરે ૧૦થી ૨૫ સેન્ટીમીટર વધારો થયો છે. છેલ્લા દસ વર્ષમાં પૃથ્વીના તાપમાનમાં થઈ રહેલા વધારા માટે અતિ નુકશાનકારક ગ્રીનહાઉસ ગેસ પૈકી, માનવીય પ્રવૃત્તિઓથી વાતાવરણામાં ભળતા ૮૫ ટકા કાર્બન ડાયોક્સાઈડને પણ જવાબદાર ગણવામાં આવે છે. આ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને કારણે ક્લાયમેટની પેટર્નમાં ફેરફાર થાય છે.

આપણે જયારે, ર્જા બચાવીએ છીએ, ત્યારે અશ્મીભૂત અવશેષ કે ફોસિલથી ઓળખાતા ખનીજ કોલસો, ખનીજતેલ કે કુદરતી ગેસના વપરાશમાં ઘટાડો થાય છે. વીજબત્તી અને વીજ આધારિત સાધનો જયારે વપરાશમાં ન હોય ત્યારે તેની સ્વિચ ઓફ કરીને, કોમ્પેક્ટ ફ્લોરેસન્ટ કે એલઈડી બલ્બ વાપરીને, રોજબરોજ એક સ્થળે જવા માટે જાહેર વાહનો કે કાર-પૂલ અપનાવવા જેવા સહજ પગલાં ભરીને આપણી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા મદદરૂપ બની શકાય છે.

કિરિબાટીની સપાટીનું સ્તર વધવાથી તેમજ દરિયાકાંઠાના ધોવાણથી ભા થનારા સંકટ સામે ખુબજ લાચાર છે. આવા અન્ય ટાપુઓના નિવાસીઓની પણ આવી જ દશા છે. દરિયાના પાણીની સપાટી જો એક જ મીટર વધે ત્યારે, સમગ્ર માલદીવ ડૂબી જશે. જો પચાસ સેન્ટીમીટર દરિયાના પાણીની સપાટી ચી થશે ત્યારે ગ્રિનાડા તેના બીચનો ૬૦ ટકા ભાગ ગુમાવશે. આવા ટાપુઓના દેશોમાં ૬૩૨ લાખ લોકો રહે છે. વિશ્વના સૌથી વધુ લોકોએ મુલાકાત લીધી હોય, તેવા ટાપુઓ પૈકી કેરેબિયન પ્રદેશ દર વર્ષે ૨૧૦ લાખ લોકોનું સ્વાગત કરે છે.

ક્લાયમેટ ચેન્જના કારણે આરોગ્ય સંદર્ભે થતા પ્રભાવમાં મોસમ સંબંધિત મૃત્યુ, ચેપી રોગો, હવાની ગુણવત્તા બગડવાથી થતા શ્વસનતંત્રના રોગોનો સમાવેશ થાય છે. જયારે કૃષિ ક્ષેત્રે ક્લાયમેટ ચેન્જના કારણે પાકની ઉપજ અને સિંચાઈની માંગ પ્રભાવિત થાય છે. વનોનું સ્વાસ્થ્ય તેમજ તેમાંથી થતી પજ પર પણ અસર થઈ શકે છે. પાણી પુરવઠા અને પાણીની ગુણવત્તા પ્રતિકૂળ બની શકે છે. ક્લાયમેટ ચેન્જના કારણે દરિયાકાંઠાના બીચ(રેતાળ-દરિયા કિનારા)નું ધોવાણ, દરિયાકાંઠાની જમીનનો જળ-પ્રલય તેમજ કાંઠાવિસ્તારની વસ્તીની સુરઘા ખર્ચમાં વધારો થાય છે. ક્લાયમેટ ચેન્જના કારણે રહેઠાણો તેમજ પ્રજાતિઓને નુકશાન થાય છે, હિમનદીઓનો ઘટાડો થાય છે. છેલ્લા બે દાયકાઓ દરમિયાન પૃથ્વીના વાતાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઈડના સરેરાશ જથ્થામાં ધીમેધીમે વધારો થતો જોવા મળ્યો છે.

ચાલુ વર્ષે, યુએનના મહાસચિવશ્રી બેન કિ-મૂને જણાવ્યું છે કે, પૃથ્વીનો ગ્રહ સૌની ભાગીદારીનો ટાપુ છે. તેની સુરઘા કરવા માટેના સઘળા પરિબળો સાથે સૌને જોડાવા માટે આગ્રહ કર્યો છે. વિકસતા નાના ટાપુઓના દેશોની દુર્દશા અંગે વિચાર કરવા સૌને જણાવ્યું છે. આ ટાપુઓ દ્વારા ક્લાયમેટ ચેન્જના પડકારો ઝીલીને તેની સામે લેવામાં આવી રહેલ પગલાંમાંથી પ્રેરણા લેવા સૌને અપીલ કરી છે. આપણે સૌ ક્લાયમેટ ચેન્જના પડકારો સામે પગલાં લેવા અવાજ ઉઠાવીએ, ડૂબતા ટાપુઓને બચાવવા, દરિયાની સપાટી વધવા ન દઈએ.

**આપણે શું કરી શકીએ?**

વિશ્વ પર્યાવરણ દિનના રોજ, વિશ્વમાં લાખો લોકો વ્યક્તિગત્ રીતે, જનસમૂદાયોના નેજા હેઠળ ભેગા મળીને તેમજ વ્યાપાર કે ઉદ્યોગના પ્રતિનિધિઓ પરસ્પર અનુકૂળ સ્થળે ભેગા મળે છે, તેમ સ્થાનિક સ્તરે યોજાતા સ્વચ્છતા અભિયાન, વિષયવસ્તુ આધારિત કલા-પ્રદર્શન, રોપારોપણ ઝૂંબેશ, વગેરે કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ.

ચાલો, આપણે પણ વીજ બચાવવા પગલાં લઈએ, ખોરાકનો બગાડ થતો અટકાવીએ, પ્લાસ્ટિક કચરો ઘટાડવાના સફાઈ અભિયાનમાં જોડાઈએ. અને ચોમેર હરિત સૃષ્ટિ બનાવવાના પ્રયત્ન કરીએ...

nareshkthakar@gmail.com